CREATIVE માઈન્ડ્સ

# એન્ટિક વાસણોની કરાય છે રંગોળી, ફર્નિચર-બોટલ્સ-સ્ટેમ્પનો છે સંગ્રહ

દિવાળી નજીક જ છે એટલે તમને રંગોળીની યાદ આવી ગઈ ને. આવે તો ખરી જ ને કરોઠીના રંગોની રંગોળી ઘરના આંગણને આકર્ષક અને સુંદર લુક આપે છે. ભારતીય લોકો ગમે તેટલા આધુનિક બની જાય ને તો પણ તે દિવાળી પર રંગોળીથી ઘરને સજાવવામાં હોંશે હોંશે જોડાશે. જોકે, આપણે અહીં રંગોની રંગોળીની નહીં પણ ડિફરન્ટ ટાઇપની રંગોળીની એટલે કે વાસણોની રંગોળીની વાત કરી રહ્યા છીએ. એ પણ સ્ટીલના નહીં પણ જર્મન સિલ્વર, તાંબા પિત્તળના વાસણોની રંગોળીની વાત છે. તમને થશે આવી રંગોળી કોણ કરતું હશે તો અમે તમને જણાવી દઈએ કે આવી રંગોળી કિશોરભાઈ જરીવાળાના અંબાજી રોડ પરના ઘરમાં થાય છે. તેમના ઘરમાં એન્ટિક વાસણોનો ખજાનો છે. તેમના ઘરમાં આવી વાસણોની રંગોળી કેવી રીતે કરાય છે? આ પ્રકારની રંગોળીને વધારે આકર્ષક ઓપ આપવા માટે બીજી કઈ વસ્તુઓ ઉપયોગમાં લેવાય છે, તથા તેમની પાસે એન્ટિક વાસણો સિવાય બીજી કઈ કઈ વસ્તુઓનો ખજાનો છે? તે પણ આપણે અહીં જાણીએ.....





### દિવાળી પર એન્ટિક વાસણોની કરાય છે રંગોળી

કિશોર જરીવાલા અને તેમના ભાઈ રાજેશ જરીવાલાએ જણાવ્યું કે અમારા ઘરમાં 250 જેટલા સો-સવાસો વર્ષ જુના વાસણો છે. છેલ્લા ત્રણેક વર્ષથી ઘરના ડ્રોઈંગ રૂમમાં આ વાસણોની રંગોળી બનાવીએ છીએ. ઘડાનું ઉતરણ બનાવીએ અને તેની ફરતે નાના-મોટા વાસણો એ રીતે ગોઠવીએ કે સરસ મજાની ડિઝાઇન બને અને દિવડા તથા ફુલોનું સુશોભન આ વાસણોની વચ્ચે કરીએ. એકવાર બધા વાસણો કાઢી તેને ચઢતા ઉતરતા ક્રમમાં ગોઠવ્યા ત્યારે વાસણોની રંગોળીનો આઈડિયા આવ્યો હતો. આવી યુનિક રંગોળી તો મહેમાનોમાં આકર્ષણનું કેન્દ્ર બને જ છે સાથે અમારી પાસે વાસણોનો ખજાનો છે તે જોઈને પણ આશ્ચર્યચકિત થઈ જાય છે.



### જુદા જુદા શેપની અત્તર અને અન્ય બોટલનો સંગ્રહ


રાજેશભાઈએ જણાવ્યું કે અમારા ઘરમાં અત્તર અને કેમિકલ માટે વપરાતી સુંદર મજાની નાની નાની 70-75 બોટલ્સ છે જે 70-80 વર્ષ જૂની છે. સૌથી નાની એક ઈંચની બોટલ યુરોપની ટૂર દરમિયાન મેળવી હતી. આ બોટલ્સ રાખવા અમે ઘરમાં સ્પેશ્યલ શો- કેસ બનાવ્યું છે. 70-80 વર્ષ જૂની આ બોટલ્સ ઇગલ, ડોલ, ફાધર એન્ડ સન, સિંગર વગેરે શેપમાં છે.



### શનિવારી બજારમાંથી મેળવતા જુના સિક્કા

કિશોરભાઈએ જણાવ્યું કે મારા ફાધર બંસીલાલ જરીવાલાને જુના સિક્કાઓના કલેક્શનનો શોખ હતો. 1935થી લઈને અત્યાર સુધીના 200 -250 સિક્કાઓ શનિવારી બજારમાંથી મેળવ્યા હતા. એક આના, બે આના, કાણી પઇ, 5 પૈસા, 10 પૈસા, 20 પૈસા, 25 પૈસા, 50 પૈસા અને એક રૂપિયાના સિક્કા છે. મારા ફાધર અને તેમના મિત્રો એકબીજાને વધારાના સિક્કા હોય તો એક્સચેન્જ કરતા હતા. તેઓ પોસ્ટ ઓફિસ અને બજારમાંથી સ્ટેમ્પસ ખરીદતા હતા. ફ્રીડમ ફાઈટર, સ્પોર્ટ્સ, ખગોળ શાસ્ત્ર, વિજ્ઞાન, સીનસીનારીયો વગેરે ટોપિક પરની સ્ટેમ્પ છે.





### 100-150 વર્ષ જુના ફર્નિચરથી સજાવ્યું છે ઘર

રાજેશભાઈએ જણાવ્યું કે અમારી જૂની દુકાનના સાગના લાકડાના સો-દોઢસો વર્ષ જુના દરવાજા, 6 એન્ટિક ખુરશી, મુનિમનો ગલ્લો, સ્ટડી ટેબલથી અમે ઘરને એન્ટિક લુક આપ્યું છે. મારા માસી તરફથી અમને 150 વર્ષ જૂનો હિંચકો મળ્યો છે જે પણ અમારા ઘરની શોભા વધારે છે.



### જર્મન-સિલ્વર, પિત્તળ-તાંબાના 100 વર્ષ જુના વાસણોનો છે ખજાનો

પહેલા પાણી ગરમ કરવા માટે બંબો રહેતો તે પિત્તળનો બંબો, ડોલને બદલે વપરાતી તાંબાકુંડી, પાણીનો જગ, લોટા, ઘડા, ડીશ, તપેલા, થાળીઓ, જર્મન-સિલ્વરની કપ-રકાબી, પૂજાના વાસણો જેમકે, આચમનનું તરભણ, ફૂલ રાખવાની થાળી, દિવાનું સ્ટેન્ડ, પાન આકારનો પાનનો ડબ્બો વગેરે સો-સવાસો વર્ષ જુના વાસણોનો ખજાનો કિશોરભાઈના ઘરમાં છે. તેમણે જણાવ્યું કે આમાંના ઘણા વાસણો મારા મમ્મી કલિકાબેનના મોસાળમાંથી મળ્યા હતા. કેટલાંક વાસણો કતારગામમાંથી મેળવ્યા હતા. મારા મમ્મીને એન્ટિક વાસણોના સંગ્રહનો શોખ હતો. ત્રણ-ચાર વર્ષે આ વાસણોની કલાઈ કરીએ છીએ.

---

LifeStyle Trends

સુરતીઓ અત્યારે ફેસ્ટિવ મુડમાં છે. નવરાત્રીનો થાક ઉતરયો નહીં ઉતરયો ત્યાં હવે દિવાળીની શોપિંગ શરૂ થઈ ગઈ છે. દિવાળી ફક્ત ફટાકડા અને ટ્રેડિશનલ વાનગીઓ પૂરતી સીમિત નથી. લોકોને પોતાનું ઘર પણ સુંદર રીતે સજાવવું હોય, વટ પાડી દે તેવા કપડાં પણ ખરીદવા હોય છે. ઘરના ડેકોરેટિવ લુક આપતા દીવા અને તોરણમાં પણ લોકો યુનિકનેસ શોધવા લાગ્યા છે. તો વળી, કપડા પણ ફેસ્ટિવ માહોલની વાઇબ્સ આપતા અને ટ્રેન્ડિંગ હોય તેવા જોઈએ. એટલે સુરતીઓ ડિમાન્ડ પુરી કરવા દિવાળી પર નવો ટ્રેન્ડ જોવા મળતો જ હોય છે. આ વખતે શું નવું અને ટ્રેન્ડિંગ જોવા મળી રહ્યું છે તે આપણે આ આર્ટિકલના માધ્યમથી જાણીએ....



## દીપદ્વાર ઝરોખા દીવા, લીંપણ રંગોળી થી બનશે

# સુરતીઓની દિવાળી કલરફૂલ અને ટ્રેન્ડી

### મોઝેક વર્કના દિવા

લોકોને હવે દિવાળીના દિવામાં પણ અનોખી ડિઝાઇન જોઈએ એટલે છેલ્લા થોડા સમયથી મોઝેક વર્કના દિવાનો ટ્રેન્ડ આવ્યો છે. વર્ષોના વર્ષો પહેલા રાજાઓના મહેલોમાં આવું વર્ક ડેકોરેશનમાં જોવા મળતું. લાકડાના બેઝ પર ડિઝાઇન દોરીને મિરર ચોંટાડાય છે તેની પર કમ્પોઝીટ પાથરવામાં આવે છે અને તેના પર માટીના દીવા મુકાય એટલે કાંચનું વર્ક ખૂબ જ ઝગમગી ઉઠે છે. મોઝેક વર્કના તોરણ પણ ખૂબ એટ્રેક્ટિવ લાગે છે.



### લીંપણની રંગોળી, વોલપેપર રંગોળી અને મોઝેક રંગોળી

હવે ઘણી વર્કિંગ વિમેન કરોઠીના રંગોથી અડધો કે પોણો કલાકનો સમય રંગોળી માટે ફાળવી ન પણ શકે એટલે તૈયાર રેડીમેડ રંગોળીનો ટ્રેન્ડ આવ્યો છે. તેમાં લીંપણવાળી રંગોળી વધારે ટ્રેન્ડમાં છે. લીંપણ વાળી રંગોળી વુડન પર ક્લેની લાઇન મૂકીને કરાય છે. તો વોલપેપર રંગોળીમાં વોલ પેપર પ્રિન્ટ કરીને તેને વુડન પર ચોંટાડીને તેની વુડન બોર્ડ કોન વર્ક, મિરર વર્ક કરાય છે. વળી, મોઝેક રંગોળી પણ લોકોને અટ્રેક્ટ કરી રહી છે.



### દીપ દ્વારમાં ઝરૂખામાં ટી લાઇટ્સના દીવા ઘરની સુંદરતાને ચાર ચાંદ લગાવે છે

દીપ દ્વાર પહેલી વખત જ સુરતમાં જોવા મળી રહ્યા છે. આમાં ઘણી સંખ્યામાં રાજસ્થાની ટાઈપના ઝરૂખા રખાયા છે અને તેની અંદર મિરર વર્ક, મોટીફ વર્ક જોવા મળે છે. તેમાં પાણીના કે પછી ટી લાઇટ્સ દિવા મૂકી ઘરના દ્વારની શોભા વધારાય છે. આ કોન્સેપ્ટ ખૂબ કલરફુલ હોવાથી ખૂબ સુંદર દેખાય છે.





### ચણીયા ચોળીના કોન્સેપ્ટ પર બનેલા મોર્ડન ઓવરકોટની ડિમાન્ડ

ઇન્ડો વેસ્ટર્ન ટ્રેડિશનલ બનારસી ઓવર કોટ દિવાળીની વાઈબ્સનો અનુભવ કરાવે છે.ડો. હીનાબેન મોદીએ જણાવ્યું કે ચણીયા ચોલીના કોન્સેપ્ટ પર તૈયાર કરવામાં આવેલા આ મોર્ડન ઓવરકોટને બનારસી સિલ્ક અને જરીના ઉપયોગથી તૈયાર કરવામાં આવ્યા છે. સુરત જરીનું હબ છે એટલે આ પ્રકારના ઓવરકોટમાં રોયલ લુક આપતા બનારસી અને સુરતની જરી આ ઓવરકોટને એકદમ રિચ લુક આપે છે. તેની બનાવટમાં 12 કલર્સ યુઝ કરાયા છે. તે બજારમાં તૈયાર નથી મળતા તેના માટે સ્પેશ્યલી ઓર્ડર આપવો પડે. તે દિવાળીમાં ફેસ્ટિવ વાઇબ્સ લાવે છે તો વેડિંગમાં તે શાહી લુક આપે છે. આ ઓવરકોટની ડિમાન્ડ સુરતમાં જ નહીં દેશ-વિદેશમાં પણ છે. તેને પહેરવાથી કાંઈક અલગ અને festive આઉટફિટ પહેર્યાની ફીલ આવે છે.

---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

*'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...*




## રંગોળી મારી થઈ વેરણછેરણ, ફટાકડા ગયા હવાઈ છત્રી સાથે ફરવું પડે, દિવાળીમાં આ તે કેવી નવાઈ?

રોશનીનું પર્વ દિવાળી, બન્યું છે ચોમાસું... અધરી બની છે રંગોળી ને ક્યાં જઈને દોરું...ફટાકડા ફૂટતાં નથી ને રોકેટ કેમ ઉડાડું... છત્રી લઈને ફરવું પડે છે ભલે હોય દીવાઓનું અજવાળું... ભીના થયા છે મોભ ને ક્યાં તોરણું લટકાવું.... નથી હવે મજા એ દીવા સળગાવવાની, કારણ મેઘાનું કટાણું.... હવે કરો ખમૈયા, ક્યાં સુધી વરસશો વાદળોઉં... સળગાવવા છે મારે ફટાકડા, અરજ મારી તમો સાંભળો... બહુ દેખાડ્યો વ્હાલ, હવે થોડું આગલા વરસ માટે પણ પાણી રાખો....